# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. Pankaj C. Wadia

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, JUNE 2022 | NO: 04


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**નીતિવચનો ૪:૧-૧૦**

૧. દિકરાઓ, બાપની શિખામણ સાંભળો; અને બુધ્ધિ મેળવવાને ધ્યાન દો.

૨. કેમ કે શું તમને ઉત્તમ બોધ આપું છું, મારા શિક્ષણનો ત્યાગ ન કરો.

૩. કેમ કે હું મારા બાપનો માનીતો દીકરો હતો, મારી માની દ્રષ્ટિમાં હું સુકુમાર તથા એકનોએક હતો.

૪. તેણે મને શિક્ષણ દેતાં કહ્યું કે, તારા અંતઃકરણમાં મારા શબ્દો સંઘરી રાખ, મારી આજ્ઞાઓ પાળીને જીવતો રહે.

૫. જ્ઞાન મેળવ, બુધ્ધિ સંપાદન કર, ભૂલીશ મા, અને મારા મુખના શબ્દ ભૂલની આડે માર્ગે વળીશ માં.

૬. તેને તું ન તજ, એટલે તે તારું રક્ષણ કરશે, તેના પર પ્રીતિ કર; ને તે તને સંભાળશે.

૭. જ્ઞાન એજ મુખ્ય વસ્તુ છે, તેથી તે પ્રાપ્ત કર, તારી સઘળી કમાણી ઉપરાંત બુધ્ધિ પ્રાપ્ત કર.

૮. તેનું સન્માન કર, અને તે તને ઉચ્ચ પદવીએ ચઢાવશે, તું તેને ભેટીશ, તો તે તને પ્રતિષ્ઠિત કરશે.

૯ તે તારા માથાને શોભાનો શણગાર પહેરાવશે, તે તને તેજસ્વી મુગટ આપશે.

૧૦ હે મારા દીકરા, મારી વાતો સાંભળીને સ્વીકાર, એટલે તારા આવરદાનાં વર્ષો ઘણાં થશે.

## તમારો શોક આનંદમાં ફેરવાઈ જશે (ગીતશાસ્ત્ર ૩૦:૧૧)

**YOUR MOURNING WILL TURN INTO JOY! (Psalm 30:11)**

*(મુખ્ય મંડળી પર પાળક એસ. સામ સેલ્વરાજે આપેલો સંદેશો.)*

પ્રતિકુળતાના સમયોમાં, જ્યારે આપણે આપણા મિત્રો કે ડોક્ટરો પાસે સલાહ લેવા જઈએ છીએ, ત્યારે તેઓ કદાચ એમ કહીને આપણને દિલાસો આપશે, ''ચિંતા ન કરો, સર્વ સારું થઈ જશે. જેમ જેમ સમય જશે, તમારી સર્વ સમસ્યાઓ દૂર થઈ જશે.'' ઈશ્વરના ઘણા બાળકો દુઃખમાં, વેદનામાં તથા પીડામાં જીવે છે. જ્યારે આપણી સમસ્યાઓ વધે છે, ત્યારે આપણે આશા ગુમાવીએ છીએ. જ્યારે આપણે આપણા જીવનોમાં ઈશ્વરની દોરવણી વિશે ચોક્કસ હોતા નથી ત્યારે આપણે વધુ ચિંતા કરીએ છીએ. દાખલા તરીકે કોવિડ-૧૯ની અસરને લીધે, દુનિયાના સર્વ લોકોએ સહન કરવું પડ્યું હતું. કોઈપણ દુઃખ, સમસ્યા, માંદગીની સજા દુઃખદાયક હોય છે. જ્યારે આપણે આપણા જીવનોમાં જે દુઃખદાયક ઘટનાઓ ઘડી હતી, તેનો વિચાર કરીએ છીએ, ત્યારે આપણે વિચારવાનું વલણ રાખીએ છીએ કે, ''શું આ યહોવા પ્રભુની જાણ વિના થયું હતું? શું યહોવા પ્રભુએ મારી સમસ્યાઓની નોંધ લીધી નથી?'' પણ આપણે ચોક્કસ યાદ રાખવું જોઈએ કે યહોવા પ્રભુની જાણ વિના કંઈપણ થતું નથી. જ્યારે આપણે આવા દુઃખદાયક અનુભવોમાંથી પસાર થઈએ છીએ, ત્યારે ઈશ્વર દુઃખો અને સમસ્યાઓને આનંદમાં ફેરવી દે છે! તેથી તમારી અત્યારની સમસ્યા નક્કી આનંદમાં ફેરવાઈ જશે! બીહો મા! ''...**પણ તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે.**'' (યોહાન ૧૬:૨૦).


આપણે માથ્થી ૫:૪માં વાંચીએ છીએ, ''જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ દિલાસો પામશે.'' આપણે વિચાર કરીએ છીએ કે ધન્ય લોકો એ છે, જેઓ આ જગતની સર્વ પ્રકારની સગવડોનો આનંદ લે છે. પણ પ્રભુ કહે છે કે જેઓ શોક કરે છે, તેઓને ધન્ય છે! શું આ વિચિત્ર નથી? યહોવા પ્રભુ, જેઓ જાણે છે કે જેઓ શોક કરે છે, તેઓ ધન્ય થયા છે, તેમ જ તેઓ સંપૂર્ણપણે એ પણ જાણે છે કે તે શોક, દિલગીરી આનંદરૂપ થઈ જશે! લોકો માટે આ બાબત સાથે સહમત થવું ઘણું અઘરૂ છે.

શાંત અને હતાશ મનની સ્થિતિ એ વ્યક્તિની સ્થિતિ છે જે ઊંડા દુઃખમાં છે, દુઃખો બેરોજગારી, માંદગી, નાણાંની તંગી, કામના સ્થળે સમસ્યાઓ અથવા કૌટુંબિક સમસ્યાઓ, ભવિષ્યની ચિંતા વગેરેને કારણે કદાચ ઉદ્દભવી શકે છે. આપણું કંઈ પણ દુઃખ હોય, યહોવા પ્રભુ કહે છે, આપણે સઘળા, જેઓ આવી મુશ્કેલભર્યા સમયોમાંથી પસાર થઈએ છીએ, તેઓ ધન્ય છે, અને આપણને દિલાસો આપવામાં આવશે, તે મુશ્કેલભરી પરિસ્થિતિઓ આનંદમાં ફેરવાઈ જશે, જે વિશે જો કે ઈસુ ખ્રિસ્તે ઘણા સમય પહેલા ખાતરી

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*



(ECHO GROUP)

''તારી સરહદમાં શાંતિ ફેલાવીને સરસ ઘઉંથી તે તને તૃપ્ત કરે છે.''
– (ગીતશાસ્ત્ર ૧૪૭:૧૪)



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે તમને આપણા પ્રભુ તથા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તના અનૂપમ નામમાં સલામ પાઠવીએ છીએ. અમે આપણા પ્રભુની સ્તુતિ કરીએ છીએ, તેઓએ હમણા સુધી અમને અદ્‌ભૂત રીતે દોર્યા છે.

### ઈકો ઓફ હીજ કોલ સામયિક

❖ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની અકથ્ય દયાઓથી, તેમણે અમને અમારું માસિક સામયિક ''ઈકો ઓફ હીજ કોલ'' ૧૬ ભાષાઓમાં છપાવવામાં સક્ષમ કર્યા છે. જેઓ આ મિનિસ્ટ્રીને માટે પ્રાર્થનાઓ કરે છે અને સહાય કરે છે, તે દરેક જણને ઈશ્વર ભરપૂરીપણથી આશીર્વાદ આપશે. જે લોકો અલગ અલગ ભાષાઓ બોલે છે, તેઓ આ સામયિકને કારણે ઈશ્વરના પ્રેમથી સ્પર્શ પામ્યા છે.

### નહેમ્યા નિવાસી બાઈબલ કોલેજ (હિન્દી)

❖ પુરૂષો માટેની અમારી નિવાસી બાઈબલ કોલેજ (હિન્દી) માટે અમારે વધુ વિદ્યાર્થીઓની જરૂર છે. ૬ઠ્ઠી જૂન, ૨૦૨૨થી વર્ગો શરૂ થશે. અમે લાયક વિદ્યાર્થીઓને શિક્ષણ, ખોરાક અને રહેવાની મોફત વ્યવસ્થા સ્કોલરશિપ તરીકે પૂરી પાડીએ છીએ. કૃપા કરીને આ માહીતી સીધી રીતે કે પત્ર વ્યવહાર કે વોટ્સઅપ માધ્યમથી તમારા મિત્રોને અને પ્રાર્થના ભાગીદારોને પહોંચાડશો. અમે એક વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ તેમજ બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ કરાવીએ છીએ. અમારી નહેમ્યા બાઈબલ કોલેજ રજીસ્ટર્ડ કેન્ડીડેટ ફોર મેમ્બરશીપ બાય એટીએ (એશિયા થીઓલોજીકલ એસોશિએશન) સાથે સલગ્ન થઈને આશીર્વાદીત થઈ છે. આ સંસ્થા દુનિયાભરમાં બાઈબલ કોલેજો માટે અધિકૃત માન્યતા ધરાવતી સંસ્થા છે.

### નહેમ્યા સાંધ્ય બાઈબલ કોલેજ (તામિલ)

❖ અમારી સાંધ્ય બાઈબલ કોલેજ પણ સારી રીતે કાર્યરત છે. આ કોલેજ પણ ૬ઠ્ઠી જૂન, ૨૦૨૨ના રોજ ઉઘડશે. અમને વધુ લાયક વિદ્યાર્થીઓ, પૂરૂષો તથા સ્ત્રીઓની જરૂર છે. અમે એક વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ તેમજ બે વર્ષોનો ડિપ્લોમા અભ્યાસક્રમ ચલાવીએ છીએ.

### નહેમ્યા બાઈબલ કોલેજનું પુસ્તકાલય

❖ ઈશ્વરકૃપાથી અમે ધીરે ધીરે નહેમ્યા બાઈબલ કોલેજના પુસ્તકાલયના પુસ્તકોની યાદી કંપ્યુટરમાં સમાવિષ્ટ કરી રહ્યા છીએ. અમારી પાસે અંદાજે ૭૦૦૦ પુસ્તકો છે. યોગ્ય રીતે આ પુસ્તકોની કંપ્યુટરમાં યાદી બનાવવા અમારા માટે આ મોટું અને ખર્ચાળ કામ છે. આ કામ અમારી ક્ષમતાની બહાર છે. અમને વિશ્વાસ છે કે આ કામ માટે ઈશ્વર અમને વધુ નાણાં પૂરા પાડશે. ''મારો દેવ પોતાની મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે.'' (ફિલિપ્પીઓને પત્ર ૪:૧૯)

### નહેમ્યા બાઈબલ કોલેજનો વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેનો પદવીદાન સમારંભ!

❖ ઈશ્વર ઈચ્છા હશે તો નહેમ્યા બાઈબલ કોલેજનો વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેનો પદવીદાન સમારંભ બાલાર કેલવી નિલાયમ, વેપરી, પૂરાસાવલ્કકમ, ચેન્નાઈ-૭ ખાતે ૩.૬.૨૦૨૨ના રાજ, શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે ઉજવવામાં આવશે. અમે તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ. જો તમે ચૈન્નાઈમાં હો, તો કૃપા કરીને હાજરી આપશો.

## શુભ સમાચારો સાથે ઉત્તર ભારતની મુલાકાતે જવું

❖ તે અમારી ઘણા સમયથી હૃદયપૂર્વકની ઈચ્છા અને મિશન છે કે ઉત્તર ભારતના લોકોને સહાય કરવી, જેઓ અલગ અલગ ભાષાઓ બોલે છે, અને તેમને શુભ સમાચારો જણાવવા. અમારા નહેમ્યા હિન્દી બાઈબલ કોલેજમાં વધુ વિદ્યાર્થીઓ લાવવા માટે, હું ઓરીસ્સા રાજ્યના રાયાગઢ, પારાલાખેમુન્ડી તથા કંધમાલ જેવી જગ્યાઓએ જવા ઈચ્છુ છું. જો કે તે મારે માટે મુશ્કેલ છે, તો પણ હું ત્યાં જવાની ઈચ્છા રાખું છું. આપણી પાસે એક જ જીવન છે. આવો તે જીવન આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને સોંપીએ.

## સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ

❖ સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ સારી રીતે ચાલી રહી છે. જે સ્કૂલ મીનીબસમાં છોકરાઓને તેમના ઘરેથી સ્કૂલમાં લાવવામાં આવે છે અને પાછા તેમને ઘરે પહોંચાડવામાં આવે છે, તે બસની મરામત કરવાની જરૂર છે. તે હવે વાપરી શકાય તેવી રહી નથી. અમારે નવું વાહન ખરીદવાની જરૂર છે. કૃપા કરીને નવું વાહન ખરીદવાના નાણા માટે પ્રાર્થના કરશો. જો ઈશ્વરની ઈચ્છા હશે તો, આ સ્કૂલ ૧૩મી જૂન, ૨૦૨૨ના રોજ ફરી ઉઘડશે. ઈશ્વર કૃપાથી આ સ્કૂલે હાઈસ્કૂલ તરીકે ચાલુ રહેવાનું તામિલનાડું સરકારનું પ્રમાણપત્ર મેળવ્યું છે. ભારત સરકારે પણ આ સ્કૂલને ખ્રિસ્તી લઘુમતિ સંસ્થા તરીકે માન્યતા આપી છે.

કૃપા કરીને અમારી મહત્વની મિનિસ્ટ્રીઓ જેવી કે **પત્રવ્યવહાર બાઈબલ અભ્યાસક્રમો, સુવાર્તા સમાચાર પ્રસાર, બહારી સભાઓ અને સમાજ સેવાઓ માટે પ્રાર્થના કરશો.**

મારું કુટુંબ અને હું સારી તંદુરસ્તી જાળવીએ છીએ. કૃપા કરીને આપણા સાથી કાર્યકરો, ભાઈ મેન્યૂએલ એમ. પોલરાજ, પાળક એસ. મુથ્થુ અને ભાઈ ઈલાનગોવાનને તમારી પ્રાર્થનાઓમાં યાદ રાખશો, જેઓ માંદા છે.

ઈશ્વર તમને વધુને વધુ આશીર્વાદ આપો કેમ કે તમે ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીને પ્રેમ કરો છો અને નાણાકિય સહાય કરો છો. જો પવિત્ર આત્મા તમને પ્રેરણા આપે કે આ સર્વ મિનિસ્ટ્રીઓ ફક્ત ઈશ્વરના રાજ્યના વિસ્તરણ માટે કામ કરે તો, કૃપા કરીને તમારા દાનો અને સહાયતા અમારી મિનિસ્ટ્રીને મોકલો. ઈશ્વર તમને ચોક્કસ આશીર્વાદ આપશે.

આપણી પાસે ઘણી સાક્ષીઓ છે કે પ્રભુએ કેવી રીતે આપણને દુઃખો અને સમસ્યાઓથી છોડાવ્યા છે, જે ખુલ્લી રીતે સમજાવી શકાય એમ નથી. તેથી અમારા માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખજો. ઈશ્વરની કૃપા તમારી સાથે રહો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

આપી હતી, તે આજે પણ સુસંગત છે. હવે પછી ખુશ અને આનંદિત રહો. **"એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતાને નમાવો કે તે તમને યોગ્ય સમયે ઉચ્ચપદે મૂકે."** (૧ પિતરનો પત્ર ૫:૬)

જ્યારે આપણે આપણી નબળાઈ અને ગરીબીના દિવસોમાં યહોવા પ્રભુ તરફ જોઈએ છીએ, ત્યારે આપણે યહોવા પ્રભુને આપણી સાથે વાત કરતા સાંભળીએ છીએ. જેઓ કોઈ દુઃખો વગર જીવનો જીવે છે, તેઓ યહોવા પ્રભુનો અવાજ સાંભળતા નથી. તે તો જ્યારે આપણે હતાશ થઈએ છીએ અને દુઃખોનો અનુભવ કરીએ છીએ ત્યારે આપણે યહોવા પ્રભુનો અવાજ સાંભળીશું અને તેમના સ્પર્શને જાણીશું. જ્યારે આપણા અનુકુળ પરિસ્થિતિમાં યહોવા પ્રભુનો અવાજ સાંભળવું ઘણું જ દુર્લભ છે. તેથી જ યહોવા પ્રભુ કહે છે, કે, "જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે."

પ્રેરિત પાઉલે કંઈક પીડાદાયક અનુભવ કર્યો હતો. અને તેણે ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે તે તેના દેહમાંથી દૂર કરવામાં આવે. પણ ઈશ્વરે કહ્યું કે, "તારે વાસ્તે મારી કૃપા બસ છે; **કેમ કે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે."** (૨ કરિંથીઓને પત્ર ૧૨:૯). પાઉલ આનંદિત તથા સંતોષી જીવન જીવી શક્યો હતો. પણ તે એવું જીવન ઈચ્છતો નહતો, જે ઈશ્વર પ્રભુના સ્પર્શનો અનુભવ ન કરે અથવા તેમનો અવાજ સાંભળી ન શકે, તેણે એવું પીડાદાયક જીવન પસંદ કર્યુ જે તેને પ્રભુનો અવાજ સાંભળવા દોરી લઈ જાય અને તેણે આવું જીવન આનંદિત અને મોટું માન્યું હતું. તેણે કહ્યુ હતું કે, **"અને હું કોઈ પણ રીતે મૂએલાંઓના પુનરૂત્થાનને પહોંચુ."** (ફિલિપ્પીઓને પત્ર ૩:૧૧) મૂસા વિશે શાસ્ત્ર કહે છે કે, **"વિશ્વાસથી મૂસાએ મોટો થયા પછી ફારૂનની દીકરીનો પુત્ર ગણાવા ના પાડી. પાપનું ક્ષણિક સુખ ભોગવવા કરતાં દેવના લોકોની સાથે દુઃખ ભોગવવાનું તેણે વિશેષ પસંદ કર્યું. મિસરમાંના દ્રવ્યભંડાર કરતાં ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી એ સંપત્તિ અધિક છે, એમ તેણે માન્યું; કેમ કે જે ફળ મળવાનું હતું ત તરફ જ તેણે લક્ષ રાખ્યું."** (હિબ્રૂઓને પત્ર ૧૧:૨૪-૨૬).

જ્યારે આપણે ઊંડી મુશ્કેલીમાં હોઈએ છીએ, ત્યારે આપણે તેમાંથી બહાર નીકળવાનું ઈચ્છીએ છીએ. આપણી પોતાની શક્તિ પર આધાર રાખવાને બદલે, જો આપણે ફક્ત ઈશ્વર પર આધાર રાખીએ, ત્યારે આપણે ચોક્કસ પ્રભુના સ્પર્શનો અનુભવ કરી શકીશું. જો આપણે તેમને કાળજીથી અને ધીરજથી સાંભળીએ, તો આપણે નક્કી મોટા બદલાણ અને આશીર્વાદોથી દાનો પ્રાપ્ત કરીશું. ગીતકર્તા દાઉદ, મંદિરમાં ઈશ્વર પ્રભુની હજૂરમાં જતો અને તેમની આગળ વિનંતી કરતો, જ્યારે પણ તે શત્રુઓથી ઘેરાયેલો રહેતો હતો. તે તો મંદિરમાં યહોવા પ્રભુની હાજરી હતી જેને તેણે હમેશાં માંગી હતી અને જ્યારે તે ભૂલો કરતો અથવા કોઈ ઊંડી મુશ્કેલીઓમાં મૂકાતો હતો ત્યારે પણ યહોવા પ્રભુએ તેને સર્વ મુશ્કેલીઓમાંથી છોડાવ્યો હતો. યહોવા પ્રભુએ તને આશીર્વાદ આપ્યો હતો અને તેના સર્વ દુઃખો આનંદમાં ફેરવી દીધા હતા. વહાલા ઈશ્વરના બાળકો, શું તમે પ્રતિકૂળતાના માર્ગમાં ચાલો છો? તમારી સમસ્યાઓમાંથી બહાર આવવા ઈશ્વરની બહારના માર્ગ તરફ ન જૂઓ. આવા કોઈ માર્ગને અનુસરશો નહિ. દુન્યવી માર્ગોને અનુસરવાના પરિણામો તમને જોખમો, સમસ્યાઓ અને નિષ્ફળતાઓ તરફ દોરી લઈ જશે. કૃપા કરીને આને પવિત્ર આત્માનો અવાજ સમજીને માનો, જે તમને કહે છે તમારા સર્વ પરિવાર, નાણાકિંય પરિસ્થિતિ, શિર્ષક, ઓળખ અને ઘણી મહત્વની તમારી સેવા કરતા જો તમે યહોવા પ્રભુ પર ભરોસો અને વિશ્વાસ રાખ્યો હોત તો, તેઓએ તમારી સર્વ ઈચ્છાઓ પરિપૂર્ણ કરી હોત. તેથી કાળજીપૂર્વક સાંભળો. આ હેતુ માટે મારી પસંદગીની જગા ફક્ત તમારી મંડળી છે. તમારી મંડળીને અને પાળકને આદર આપો. વ્યાપકપણે આરોગ્યપ્રદ

આશીર્વાદો અને આરોગ્યપ્રદ સુખ તમારી મંડળી સાથે જોડાયેલા છે. **"જેમ કેટલાએક કરે છે તેમ આપણે એકઠા મળવાનું પડતું ન મૂકીએ, પણ આપણે એકબીજાને ઉત્તેજન આપીએ; અને જેમ જેમ તમે તે દહાડો પાસે આવતો જુઓ તેમ તેમ વિશેષ પ્રયત્ન કરો."** (હિબ્રુઓને પત્ર ૧૦:૨૫)

## ✤ ૧) શોકથી જીવ પીંગળી જાય છે! ✤

**"મારો જીવ શોકથી પીગળી જાય છે. તારા વચન પ્રમાણે મને બળવાન કર."** (ગીતશાસ્ત્ર ૧૧૯:૨૮).

હતાશાને કારણે કોઈ પણ વ્યક્તિ હમેશ માટે તેની ઉંચાઈ વધારી શકતો નથી કે ઘટાડી શકતો નથી. એમ જ વ્યવહારિક રીતે, આપણે દુઃખોના સમયે ચિંતા કરવાનુ ટાળી શકતા નથી.

દાઉદે અનેક મુશ્કેલીઓનો સામનો ક્ર્યો હતો. પ્રથમ તેના સસરા, શાઉલ રાજા તરફથી, પછી તેના દીકરા આબ્શાલોમ તરફથી અને ઘણી વખત બીજા દેશોના લોકો અને રાજાઓ તરફથી. પણ કેમ કે તેણે તેના ઈશ્વર પર આધાર રાખ્યો હતો, જેમણે તેને તેડ્યો હતો, ઈશ્વરે તેના સર્વ દુઃખોને અને મુશ્કેલીઓને મોટા આનંદમાં ફેરવી દીધો હતો!

આપણામાંના ઘણાઓએ આવા મુશ્કેલ સમયોમાંથી પસાર થવું પડ્યું છે. કેટલાએક તૂટી ગયા છે અને કેટલાકે આત્મહત્યાનો પ્રયત્ન ક્ર્યો છે. જો આપણે માત્ર માણસ તરફ સલાહ માટે ફરીએ તો તેઓ કદાચ આપણને ફસાવી શકે છે. કેટલાક આપણને ગેરમાર્ગે દોરી શકે છે. ચિંતાઓની વચ્ચે અને આસુંઓ વહેડાવતા જો આપણે સંપૂર્ણપણે યહોવા પ્રભુ પર આધાર રાખીએ અને તેમનામાં વિશ્વાસ રાખીએ તો તેઓ ચોક્કસ આ દુઃખોમાંથી બીનશરતે બહાર આવવા દોરશે અને આશ્ચર્યજનક રીતે આપણને દિલાસો આપશે. "જ્યારે ભયંકર લોકોનો ઝપાટો કોટ પરના તોફાન જેવો છે, ત્યારે તું ગરીબોના આશ્રય, સંકટસમયે દીનોનો આધાર, તોફાનની સામે ઓથો, ને તડકાની સામે છાયા છે." (યશાયા ૨૫:૪).

જ્યારે મુશ્કેલીઓ વધી જાય છે, ત્યારે આપણે મોટેથી બાઈબલ વાંચવામાં સમય પસાર કરવો જોઈએ. આપણે વિશ્વાસ રાખવો જોઈએ અને ઈશ્વર તરફથી અદ્ભૂત છૂટકારાની અપેક્ષા રાખવી જોઈએ. જેમ તેમણે તેમના બાળકોને છોડાવ્યા હતા, જેઓએ પણ આપણી જેમ દુઃખો સહન ક્ર્યા હતા! ચોક્કસ તમે તમારા જીવનમાં અપેક્ષા કરી હોય તેના કરતા ઈશ્વર મોટી બાબતો કરશે. હું જે આ સંદેશો આપું છું, તે પણ ઈશ્વર પર આધાર રાખું છું અને તેમની વાતો મોટેથી વાંચીને અને તેના પર સંપૂર્ણ વિશ્વાસ સાથે મનન કરીને મારી વિવિધ મુશ્કેલીઓમાં યહોવા પ્રભુ પર આધાર રાખું છું. મેં માર બાઈબલમાં કેટલીક કલમો નોંધી રાખી છે, તારીખ સાથે, જે દિવસે મેં ઈશ્વરનો અવાજ સાંભળ્યો છે, તારીખ સાથે, જે દિવસે મેં ઈશ્વરનો અવાજ સાંભળ્યો છે અને અવિશ્વસનીય રીતે મોટા વિજયો મેળવ્યા છે! જો તમે પણ એમ જ કરશો, તા વિજય ચોક્કસ છે!

## ✤ ૨) મારી આંખો ક્ષીણ થાય છે! ✤

**"દુઃખને લીધે મારી આંખો ક્ષીણ થાય છે; હે યહોવા, મેં દરરોજ તને અરજ કરી છે, તારી આગળ મેં માર હાથ જોડ્યા છે."** (ગીતશાસ્ત્ર ૮૮:૯).

ગીતકર્તા કહે છે કે દુઃખોને લીધે તેની આંખો ક્ષીણ થાય છે. જો કોઈ દુઃખી હોય, તે તેની આંખોમાંનો ફરક અનુભવશે. ઉદાસીનતા કોઈને પણ નિસ્તેજ કરી શકે છે, તેની વિચારવાની શક્તિ ઓછી કરે છે, અનિંદ્રાનો ભોગ બનાવે છે, યાદશક્તિ ઓછી થાય છે અને કોઈ ભવિષ્યની માટેની આશા ગુમાવે છે. જે મદદ અન્યો તરફથી મળે છે, તે પણ ઓછી થાય છે. આમાંથી બહાર આવવા આપણે શું કરી શકીએ? નિરાશાને સ્થાન આપ્યા વગર, આપણે બે બાબતો કરી શકીએ છીએ.

૧) આપણે પ્રાર્થનામાં ઈશ્વરને ખરી વાત જણાવી શકીએ છીએ. **"મેં મારા માર્ગો પ્રગટ કર્યા, અને તેં મને ઉત્તર આપ્યો; મને તારા વિધિઓ શીખવ."** (ગીતશાસ્ત્ર ૧૧૯:૨૬). ઈશ્વર સાથે સમય ગાળવાથી અને તેમની સાથે વાત કરવાથી ઘણા મોટા વિજયો મેળવી શકાય છે. પણ આ દિવસોમાં લોકો તેમના કામોમાં અને બાબતોમાં વધારે સમય ગાળે છે, દૂન્યવી લાભોને પ્રાથમિકતા આપતા, મનોરંજનમાં અને ટેલિવિજનમાં કાર્યક્રમોમાં, પ્રાર્થનામાં ઈશ્વર સાથે વાત કર્યા વગર.

આજના દૂરદર્શનના ઉપદેશકોએ ઘણા ખ્રિસ્તીઓને બદલી નાખ્યા છે, આળસુ અને સ્થિર બનાવીને. તેમણે ઘણા પ્રાર્થનાવાદી ખ્રિસ્તીઓને બાઈબલ ન વાંચનારા બનાવી દીધા છે. આ એક રૂઢિગત આદત બની ગઈ છે. પણ તમે ખ્રિસ્તી કાર્યક્રમો થોડીવાર

(અનુસંધાન પાન ૬ પર)


## નહેમ્યાહ બાઈબલ

**નીવાસી અને સાંધ્ય કોલેજ**

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

(ECHO GROUP)

माध्यम : हिंदी/तामिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો

દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ★ ECHO OF HIS CALL ★ Estd.: 1969

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!** મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જૂન ૨૦૨૨ થી ૧૮ જુલાઈ ૨૦૨૨ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ જૂન** : આપણા ઈશ્વર પ્રભુ આપણા સહસંપાદક ભાઈ મેન્યુઅલ એમ. પોલરાજ તથા તેના કુટુંબના સભ્યોને દુષ્ટ પરિબળોથી રક્ષણ આપી રહ્યા છે.

**૨૦ જૂન** : પાછલ મહિનામાં અમારી મિનિસ્ટ્રીયલ મુસાફરીને ઈશ્વરે આશીર્વાદિત કરી તે માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૧ જૂન** : આપણા સમર્થકોની પ્રાર્થનાઓ અને સહાયતા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૨ જૂન** : પાછલા મહિનાની આપણી **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ની સર્વ પ્રવૃતિઓને ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૨૩ જૂન** : સુવાર્તા સાથે ઉતર ભારતના વિસ્તારોમાં અમને પહોંચવા માટે ઈશ્વરે કૃપાળુ રીતે સહાય પૂરી પાડી છે.

**૨૪ જૂન** : અમારા **હિન્દી ઓનલાઈન ઈશ્વરવિદ્યાના અભ્યાસક્રમ** પરના તેમના ભરપૂર આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૫ જૂન** : નવા વિશ્વાસીઓ સાથે ઈશ્વરે અમારા મુખ્ય ચર્ચને અને શાખા ચર્ચને આશીર્વાદિત કર્યા છે.

**૨૬ જૂન** : અમારા સર્વ સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યો માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૭ જૂન** : અમારા મિશન વિસ્તારોમાંથી અમને સારા અહેવાલો મળ્યા છે.

**૨૮ જૂન** : અત્યાર સુધી સંસ્થા ચલાવવામાં અમારા પ્રયત્નોને ફળદાયી બનાવવા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૯ જૂન** : અમારી રવિવારની ભજનસેવાઓ પર અને અન્ય ભજનસેવાઓ પર તેમની કૃપાળુ દયા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**30 જૂન** : આપણા મુખ્ય ચર્ચમાંની મહિલાઓની સભાને ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૦૧ જૂલાઈ** : ૧૯૬૯થી અમારી સામયિક મિનિસ્ટ્રી પ્રત્યેના સમર્પણ પર તેમના આશીર્વાદો માટે ઈશ્વરનો આભાર.

**૦૨ જૂલાઈ** : આપણા મુખ્ય ચર્ચની પુરૂષોની સભાને ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૦૩ જૂલાઈ** : અમારા ૧૬ ભાષાઓમાં છપાતું સામયિકો અને તે સર્વ મિશન વિસ્તારોમાં મોકલવા માટે ઈશ્વરે આશીર્વાદ આપ્યો છે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ જૂલાઈ** : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ મેન્યુએલ પોલરાજના સંપૂર્ણ સાજાપણા માટે આવો પ્રાર્થના કરીએ.

**૦૫ જૂલાઈ** : આપણા **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**માં ઈશ્વર વધુ સમર્પિત કાર્યકરો લાવે.

**૦૬ જૂલાઈ** : આપણા કો-ઓર્ડીનેટરોને અને પાળકોને ઈશ્વર નવું સામર્થ્ય આપે.

**૦૭ જૂલાઈ** : દુનિયાના આત્મિક આગેવાનો માટે આવો પ્રાર્થના કરીએ.

**૦૮ જૂલાઈ** : દુનિયાના સર્વ દેશોના લોકો પર તેમના આશીર્વાદો માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૦૯ જૂલાઈ** : આપણા વડીલ પાળક દ્વારા તેમની આત્મકથા લખવા માટે તેમની મહાન પરવાનગી અને અગ્રતા માટે સર્વશક્તિમાનને પ્રાર્થના કરીએ.

**૧૦ જૂલાઈ** : આવો આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યો માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૧૧ જૂલાઈ** : આ મહિનાની **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને** જરૂરી નાણાંકિય વ્યવસ્થા ઈશ્વર પૂરી પાડે.

**૧૨ જૂલાઈ** : અમારા મિશન વિસ્તારના કાર્યકરો માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૩ જૂલાઈ** : અમારી મિનિસ્ટ્રીજની સભાઓ અને સર્વ સંસ્થાકીય પ્રવૃત્તિઓ માટે ઈશ્વરની કૃપાળુ સંમતિ માટે પ્રાર્થના કરીએ.

**૧૪ જૂલાઈ** : અમારી મિનિસ્ટ્રીજની નાણાંકિય જરૂરીયાતો માટે પ્રાર્થના કરીએ.

**૧૫ જૂલાઈ** : દુનિયાભરના સર્વ દેશોમાંથી કોરોના વાઈરસની નાબૂદી માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૬ જૂલાઈ** : મહિલાઓ અને બાળકો સાથે થતા અત્યાચારોની નાબૂદી માટે પ્રાર્થના કરીએ.

**૧૭ જૂલાઈ** : સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૮ જૂલાઈ** : ઈશ્વર આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજને તથા તેમના પરિવારના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ આપતા રહો.

(પાન ૪ પરથી આગળ...)

માટે જોઈ શકો છો પછી તે બંધ કર્યા બાદ, પ્રાર્થનામાં, બાઈબલ વાંચવામાં અને મનન કરવામાં તલ્લીન થાઓ. તમે વિજયની ખાતરી રાખી શકો છો. જો તમે તમારો સર્વ સમય સવારે પાંચ વાગેથી લઈને ઘણા કલાકો સુધી દૂરદર્શનના કાર્યક્રમો જોયા કરશો તો તમને ચોક્કસ નિષ્ફળતા મળશે. અનૈતિક સિધ્ધાંતો અને આ કાર્યક્રમોની માહિતીને કારણે, ઘણા બધા નિર્દોષ લોકો છેતરાય છે અને મૂંઝવણોનાં વમળમાં ગેરમાર્ગે દોરાય છે. દરેક ને દરેક ઉપદેશક તેમના ખોટા વિચારોને આગળ પડતા રાખે છે, પોતાની ઈચ્છાઓને કારણે, તારણના આત્માને બદલે. આ પણ હાલના વિનાશનો પૂરાવો છે. આશા રાખું છું કે તમે પણ તમારો વિશ્વાસ જીવનો બચાવવા આગળ વાપરશો.

૨) તમારે તમારા હાથો ઈશ્વર તરફ ચોક્કસ લંબાવવા જોઈએ. આનો અર્થ છે કે તમારું ધ્યાન અને ભરોસો ફક્ત ઈશ્વર પર જ છે. તમારા સર્વ વિચારો અને કૃતિઓ ઈશ્વરને પ્રસન્ન કરનારા હોવા જોઈએ. ત્યાં લાંબી પ્રાર્થનાઓ કરવાનો અને ઘણા દિવસોના ઉપવાસ કરવાનો કોઈ અર્થ નથી, જો તમે બીજાઓને મુશ્કેલીમાં મૂકો છો અને છેતરતા રહો છો. તો, જે માણસ ઈશ્વરના વચનને સાંભળતો નથી, તેની પ્રાર્થનાઓ ધૃણાસ્પદ છે. **"જે માણસ નિયમનું શ્રવણ કરતાં પોતાનો કાન અવળો ફેરવી નાખે છે, તેની પ્રાર્થના પણ કંટાળારૂપ છે."** (નીતિવચનો ૨૮:૯). **"દુષ્ટના યજ્ઞાપર્ણથી યહોવાને કંટાળો આવે છે; પણ પ્રામાણિકની પ્રાર્થનાથી તેને આનંદ થાય છે. દુષ્ટના માર્ગથી યહોવા કંટાળે છે; પણ નેકીને અનુસરનાર પર તે પ્રેમ કરે છે."** (નીતિવચનો ૧૫:૮.૯)

આજે તમારું ધ્યાન ક્યાં છે? તમે કોના તરફથી મદદની અપેક્ષા રાખો છો? તમે કયે માર્ગે શોધો છો?

## ૩) ભંગીત થયેલું મન

**"અંતઃકરણનો આનંદ મોઢાને પ્રફુલ્લિત કરે છે; પણ હૃદયના ખેદથી મન ભાંગી જાય છે." (નીતિવચનો ૧૫:૧૩). "આનંદી હૃદય એ ઉત્તમ ઔષધ છે; પણ ઘાયલ થયેલું મન હાડકાને સૂકવી નાખે છે."** (નીતિવચનો ૧૭:૨૨)

જે પણ વસ્તુ લોખંડ, પિત્તળ કે એલ્યૂમિનિયમની બનાવેલી હશે તો તે ભાંગી જાય તો ચોંટાડી શકાય છે. પણ જો હૃદયમાં રહેલો આત્મા ભાંગી જાય, તો કોઈ પણ નિષ્ણાત ડોક્ટર કે મનોચિકિત્સક તેને સાજો કરી શકતો નથી. આ દુનિયામાં આપણે જે નિષ્ફળતાઓનો સામનો કરીએ છીએ, આર્થિક મુંઝવણ, માંદગી અને કૌટુંબિક સમસ્યાઓ, તો એ ભંગીત હૃદયના કારણે છે. આ હારમાંથી બહાર આવવાનો એકમાત્ર માર્ગ છે અને તે છે યહોવા પ્રભુ પાસે જવું. **"જ્યારે તેઓએ મને કહ્યું કે, આપણે યહોવાને મંદિરે જઈએ, ત્યારે હું આનંદ પામ્યો."** (ગીતશાસ્ત્ર ૧૨૨:૧).

તે ખરેખર મહત્વનું છે જે લોકો યહોવા પ્રભુની સ્તુતિ કરે છે અને તેમનું ભજન કરે છે, તેમની સાથે જવું. તમારે પવિત્ર આત્માથી ભરપૂર થઈને, તાળીઓ પાડીને, હાથો ઊંચા કરીને, ઘુંટણિયે પડીને, આનંદ સાથે ઈશ્વરનું ભજન કરવું જોઈએ, એવી મંડળીમાં જ્યાં યહોવા પ્રભુનું ભજન આત્માથી અને સત્યતાથી થાય છે. પછી તમે હર્ષ અને આનંદથી ભરપૂર થશો, તમારી માંદગી જતી રહેશે, જે સર્વ જાદૂટોણા તમારી વિરૂદ્ધ થયા હશે, તે શક્તિહિન થઈ જશે અને તમે કાયમ માટે સર્વ બંધનોમાંથી છૂટકારો મેળવશો.

અમે અમારા ઈકો ઓફ હીજ કોલ બહુભાષી ચર્ચમાં આ પ્રકારના ભજનનો અનુભવ કર્યો છે. કેટલો મોટો આનંદ! અમે કેટલા આનંદિત છીએ! કેટલી શાંતિનો અમે આનંદ લઈએ છીએ! વહાલા પાળકો, તમારા મંડળીના સભ્યોને આ પ્રકારની ભજનસેવામાં દોરો અને તેમને તેમના બંધનમાંથી છુટકારો મેળવવામાં સહાય કરો. વહાલા વાંચકો, તમારી મંડળીને મહત્ત્વ આપો. પછી તમે તમારી મંડળીના ભરપૂરીપણામાંથી આશીર્વાદ પ્રાપ્ત કરશો. **"પ્રભુમાં સદા આનંદ કરો; હું ફરીથી કહું છું કે, આનંદ કરો!"** (ફિલિપ્પીઓને પત્ર ૪:૪) ફક્ત મંડળી જ! મંડળી જ ફક્ત! મંડળી એ સ્થાન છે જ્યાં યહોવા પ્રભુ આશાવિહોણાઓને આશા આપે છે અને દુઃખીને ખૂશી આપે છે. તમારી મંડળીમાં દર રવિવારે તથા બીજી સભાઓમાં યહોવા પ્રભુનું ભજન કરો. **"જેઓને યહોવાના મંદિરમાં રોપવામાં આવેલા છે, તેઓ આપણા દેવનાં આંગણાંમાં ખીલી રહેશે."** (ગીતશાસ્ત્ર ૯૨:૧૩)

## ૪) ચિંતા માણસને વાંકો વાળી દે છે

**"પોતાના મનની ચિંતા માણસને વાંકો વાળી દે છે, પણ માયાળુ શબ્દો તેને ખૂશ કરે છે."** (નીતિવચનો ૧૨:૨૫).

ચિંતા ખરેખર તો હૃદયના સંકોચનનું કારણ બને છે, તે હૃદયને સામાન્યરીતે કામ કરતું અટકાવે છે. જ્યારે લોકો હતાશ હોય છે, ત્યારે તેઓ મુક્ત રીતે વિચાર કરી શકતા નથી. તમારી સમસ્યાઓને લીધે તમારા મનમાં જે ફેરફાર થાય છે, તે તમને છેલ્લું પગલું લેવા તરફ દોરી જાય છે. કેટલાક તેમના ઘરની બહાર નીકળી જાય છે અને એવી જગ્યા શોધે છે, જ્યાં તેમને કંઈક શાંતિ મળે. કેટલાક તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવા ઘણા માર્ગોનો પ્રયાસ કરે છે અને જ્યારે તેઓ નિષ્ફળ જાય છે, ત્યારે તેઓ છેલ્લા પગલાઓ ભરે છે. એક રહસ્ય જેવું કહેવું હોય તો, કોઈપણ વ્યક્તિ જે ઈસુ ખ્રિસ્તના માર્ગોમાં ચાલે છે, તે ક્યારેય આત્મહત્યાનો વિચાર કરશે નહિ. આ ખરી બાબત છે, અદ્ભૂત છે!! અહિં ખ્રિસ્તી ધર્મનો માર્ગ અન્ય સર્વ ધાર્મિક ખ્યાલોથી ઉપર છે!

જો કે દાઉદે ઘણી સમસ્યાઓનો સામના કર્યો હતો, તો પણ તેને યહોવા પ્રભુમાં મજબૂત વિશ્વાસ હતો. "અને દાઉદને ઘણો ખેદ થયો... પણ દાઉદે પોતાના દેવ યહોવામાં બળ પકડ્યું." (૧ શમુએલ ૩૦:૬).

## ૫) દાઉદના રોજના અનુભવો!

**"હે ઈશ્વર, તું મારા પર દયા કર, કેમ કે માણસ તો મને ગળી જાય; તે આખો દિવસ લડીને મારા પર જુલમ કરે છે."** (ગીતશાસ્ત્ર ૫૬:૧).

### દુઃખો અને સમસ્યાઓ ત્રણ, જૂદી જૂદી રીત આવે છે.

૧) આપણા વિચારોને કારણે

૨) આપણા જીવનોમાં આપણે લીધેલા ખોટા નિર્ણયોને કારણે

૩) દુષ્ટ આત્માના પ્રભાવને કારણે. લોકોની ઈર્ષા અને સક્રિય બળતરાને કારણે.

### લોકોનો ડર :

કેટલીક વાર આપણે આપણામાંનો આત્મવિશ્વાસ ગુમાવી દઈએ છીએ અને આ મનની સ્થિતિને કારણે આપણે ઘણી જોખમી મનોવૃત્તિ સાથે અંત લાવીએ છીએ. આવી પરિસ્થિતિમાં દાઉદ કહે છે, "માણસ મને ગળી જશે." ડર અને શંકા કોઈપણ બળવાન માણસને નિરૂપયોગી બનાવી દે છે. આ અભિપ્રાયમાં કોઈ ફેરફાર નથી.

જ્યારે દાઉદ શત્રુઓથી ઘેરાયેલો હતો,

તેને બીજાઓના હુમલાનો અને લડાઈના હુમલાઓનો ડર રહેતો હતો. તદુપરાંત, તેને પોતાના સંબંધીઓ દ્વારા ભયના આત્માનું જોખમ રહેતું હતું.

''મને ભયથી ધ્રુજારી છૂટી, અને તેથી મારાં સર્વ હાડ થથરી ઊઠ્યો. ત્યારે એક આત્મા મારા મોં આગળથી ગયો; અને મારા શરીરનાં રૂઆં ઊભા થયા.'' (અયૂબ ૪:૧૪,૧૫)

ત્યાં ડર છે, જે વિશે શાસ્ત્ર સખત મના કહે છે. તે આશ્ચર્યજનક નથી કે તે એટલું ગંભીર છે કે બાઈબલ એવા લોકોની યાદીમાં ડર રાખનારાઓને પ્રથમ સ્થાન આપે છે, જેઓ અગ્નિની ખાઈમાં ભાગ બનશે. **''પણ બીકણો, અવિશ્વાસીઓ, ભ્રષ્ટ થયેલા, ખૂનીઓ, વ્યભિચારીઓ, જાદૂક્રિયા કરનારા, મૂર્તિપૂજકો તથા સઘળા જૂઠાઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં છે; એજ બીજું મરણ છે.''** (પ્રકટીકરણ ૨૧:૮). જો ધ્યાન આપ્યા વિના છોડી દેવામાં આવે, તો તે આપણા શાશ્વત જીવનને નુકસાન પહેંચાડી શકે છે. ફક્ત ઈશ્વરના વચનના બેધારી તરવારની સહાયથી જ, આપણે આ ડરને દૂર કરી શકીએ છીએ અને આપણા જીવનોમાંથી નાબૂદ કરી શકીએ છીએ.

પ્રથમ તો, આપણે ડરને ખરી રીતે ઓળખવાની જરૂર છે. તે તો અંધકારનો આત્મા છે. **''કેમ કે દેવે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બૂધ્ધિનો આત્મા આપ્યો છે.''** (૨ તિમોથીને પત્ર ૧:૭) તેનું ઉગમસ્થાન નરક છે અને તેને ઈશ્વર સાથે કંઈ પણ લેવા દેવા નથી. અલબત્ત, તેની હાજરી જ માણસને ઈશ્વરથી દૂર રાખે છે. કેટલાક લોકો ડરને એક વર્તન માને છે, સહજ સ્વભાવ અથવા સામાન્ય ટેવ માને છે. ડરને હળવાશથી લેવા જેવી આત્મિક રીતે કોઈ ગંભીર મૂર્ખાઈ હોઈ શકે નહિ. તે વાસ્તવમાં અણુને અણુબોમ્બમાં ફેરવી શકે છે. અને તમારા જીવન પર આપત્તિ લાવી શકે છે. તે શેતાન તરફથી છે, તેથી તેનો પ્રતિકાર કરો. આજે ડરને સહન કરવો એટલે સિંહના બચ્ચાને ઉછેરવા જેવું છે. તે તમને કોઈપણ દિવસ ત્રાસ આપશે અને ભોગ બનાવશે. આજે જ તમારા જીવનમાંથી તે દુષ્ટ આત્માને નાબૂદ કરવા તૈયાર થાઓ!

તે જાણીને કે ઈશ્વરનું વચન તમને ભયના આત્મા વિશે કહે છે, તેની વિરૂદ્ધ હમણા જ આક્રમક ભૂમિકા લો અને તેને દૂર નસાડી દો. કોઈપણ શત્રુની વિરૂદ્ધ વિશ્વાસીઓનું સૌથી ઘાતક હથિયાર ઈસુનું રક્ત છે. દરેક વખતે તમે તેનો ઉપયોગ કરશો, શત્રુ તેના માર્ગમાં થીજી જશે. શેતાનને ધ્રુજાવી નાખો. આપણી આજીવિકાનું એક ખૂબ જ સારું પાસુ પણ ઈસુના રક્તથી છતું થવું ન જોઈએ. તેથી માત્ર દુષ્ટ આત્મા નાશ પામશે.

**''કેમ કે જેથી હું બીહું છું, તે જ મારા પર આવી પડે છે, જેનો મને ભય છે તે જ મને મળે છે.''** (અયૂબ ૩:૨૫)

જ્યારે શેતાન સૌથી વધુ નબળાઈ અનુભવે છે તે સમય છે કે જ્યારે તે ઉઘડો પડે છે કારણ કે જ્યાં સુધી તેણે તેની વાસ્તવિક છબી એક પણ વખત બતાવી નથી. તમારા જીવનમાંથી દુષ્ટ આત્માને ફકી દેવો, એટલે આપણા તારનાર ઈસુ ખ્રિસ્તના રક્તને પકડી લેવું અને આપણા વિશ્વાસને મજબૂત રાખવો. તે એક મુખ્ય છેતરનાર છે, જે નકલી ચહેરા હેઠળ આપણી આસપાસ ફરે છે. ૨ કરિંથીઓને પત્ર ૨:૧૧નું જે વચન કહે છે તે માટે ઈશ્વરનો આભાર. **''...શેતાન આપણા પર કંઈપણ ફાવી ન જાય; કેમ કે આપણે તેની યુક્તિઓથી અજાણ્યા નથી.''** જ્યારે શેતાન સાથે કામ લેતી વખતે, શેતાનનો સામનો કરતી વખતે, આપણે ચોક્કસ તેના વિશ્વાસઘાતથી ચેતવું જોઈએ, જે મુખ્ય છે.

## દ્વારપાળ

દ્વારપાળની ફરજ છે કે તેના માલિકની પહેલા જાય અને તેને અંદર આવવા દરવાજો ખોલે. ભય એ શેતાનનો દ્વારપાળ છે. શેતાન માટે દ્વારપાળ એટલો જરૂરી છે કે જો શેતાનને કોઈ મોટું કાર્ય કરવું હોય તો દ્વારપાળ તેને માટે જરૂરી છે. શેતાનના સર્વ સાથીદારોમાં ડર એનો નજીકનો છે. શેતાન તેની યોજનાઓ અમલમાં મૂકતા પહેલા ભયના આત્માની સલાહ પૂછે છે. ભય તે દૂષ્ટ આત્મા છે, જે ઈશ્વરના મુખ્ય શત્રુ તરીકે પહેલા જાય છે, જેથી શેતાન તેના બી જમીનમાં વાવી શકે. ભય શેતાનની પ્રવૃતિ માટે વાતાવરણ, હાજરી, માધ્યમ અને પરિસ્થિતિ તૈયાર કરે છે. આપણે તે અયૂબની વાતમાં ખરી રીતે જોયું છે, જે હું ઘણા ભયથી માનું છું કે મારી પર આવ્યું છે. જેમ વિશ્વાસ ન દેખી શકતા ઈશ્વરના આશીર્વાદો કુદરતી દુનિયાના વિસ્તારમાં લાવે છે, તેમ ભય ન દેખાતી શેતાનિક બાબતો દેખીતી દુનિયામાં લાવે છે. શેતાન ભયનો ઉપયોગ પુલ તરીકે કરે છે, જે વ્યક્તિના જીવનમાં તેની દુષ્ટતા અને વિનાશને વહન કરે છે.

## મારી મચડીને કહેલા શબ્દો

**''તેઓ આખો દિવસ મારા શબ્દોનો અનર્થ કરે છે; મારું ભૂંડું કરવા માટે તેઓના સર્વ વિચારો છે.''** (ગીતશાસ્ત્ર ૫૬:૫)

આપણા માટે મૂશ્કેલીઓ અનેક રીતે ઊભી થાય છે. કામના સ્થળે આપણે ન કહેલી વાત માટે કદાચ આપણને દોષ આપવામાં આવે. દાઉદને પણ તેના શબ્દો મારી મચડીને કહેવડાવવાનો અનુભવ થયો હતો. અન તેને દોષી ઠરાવવામાં આવ્યો હતો. આ કોઈ એકાદ દિવસે થતું નહતું પણ દરરાજ થતું હતું.

જો કે આવા અનપેક્ષિત સંજોગો આપણા દરરોજના જીવનોમાં થતા હોય છે તો પણ આપણે એ ન ભૂલવું જોઈએ કે આપણા ઈશ્વર, જેઓ સર્વ દુષ્ટ બાબતો સારામાં ફેરવી શકે છે, તેઓ આપણી સાથે છે. આપણે ગીતશાસ્ત્ર ૩૪:૧૯માં વાંચીએ છીએ, ''ન્યાયી માણસને માથે ઘણાં દુઃખો આવે છે, પણ યહોવા તે સર્વમાંથી તેને છોડાવે છે.'' જ્યારે આપણે મુશ્કેલીના સમયોમાં ચાલીએ છીએ ત્યારે આપણે એ ન વિચારવું જોઈએ કે આ આપણા જીવનોનો અંત છે. આપણે સમજવું જોઈએ કે એક ન્યાયી માણસને ઘણી દુષ્ટતાઓનો સામનો કરવો પડે છે, પણ ઈશ્વર તેને દરેક પરિસ્થિતિમાંથી છોડાવશે અને તેને આનંદિત રીતે જીવવા દેશે. પણ શું તમે ન્યાયી વ્યક્તિ છો? શું તમારા પાપોને પ્રભુ ઈસુ ખ્રિસ્તે માફ કર્યા છે? શું તમે પ્રામાણિકતાનું સંપૂર્ણ પાલન કરીને કોઈપણ પાપરહિત જીવન જીવો છો? આ સર્વ ઘણું મહત્વનું છે.

પ્રાર્થના અનુસાર, **''જે દિવસોમાં તે અમને દુઃખી કર્યા છે, અને જે વર્ષોમાં અમે પીડા ભોગવી છે, તે પ્રમાણે અમને આનંદ પમાડ.''** (ગીતશાસ્ત્ર ૯૦:૧૫). આપણે જે કંઈ ગુમાવ્યું હશે, તે પાછું મેળવી આપવા ઈશ્વર એટલા જ સામર્થ્યવાન છે અને આપણને દિર્ઘ આયૂષ્યનો અને સુખનો આશીર્વાદ પણ આપે છે. જ્યારે તમે ન્યાયી હોવાથી સહન કરો છો, ત્યારે તમારું આયૂષ્ય વધશે. બીહો મા.

પ્રતિફળતાના દિવસોમાં, હું નક્કી ઈસુ ખ્રિસ્તના વિશ્વાસને વળગી રહીશ, હું નક્કી ઈસુ ખ્રિસ્તના વિશ્વાસને વળગી રહીશ.

ભયભીતપણાના દિવસોમાં, હું નક્કી ઈસુ ખ્રિસ્ત પર પ્રેમ કરીશ, નક્કી હું ઈસુ ખ્રિસ્ત પર પ્રેમ કરીશ.

તમારા મુખમાંથી વિશ્વાસ અને આશભર્યા

(અનુસંધાન પાન ૯ પર)



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)


"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## મારા જૂવાન હૃદયમાં ધબકારા અને રક્ત પરિભ્રમણ ફક્ત મારા ઉત્પન્નકર્તા ઈસુ માટે જ હતા!

વર્ષ ૧૯૬૭માં બહેન ઈમિયામ્મલ સન્યાસીની અમ્માલ કે જેઓ માનદ મિશનરી સુવાર્તિક હતા, તેમણે ૩ દિવસ સુધી નય્યોરના મેમોરીયલ સભાગૃહમાં સુવાર્તા સભાઓ ભરાવી હતી. મારું શરૂઆતનું પ્રાથમિક શિક્ષણ તે શહેરમાં થયું હતું. તે એક વડિલ મહિલા હતા. "**નાઝરેથ પ્રાર્થના સંગતના**" કેટલાક ભાઈઓ, જેમ કે ભાઈ માઈકલ ચેલ્લાદુરાઈ, ભાઈ જોન વાયકિલફ, ભાઈ જોશુઆ જ્ઞાનદુરાઈ અને ભાઈ જોન કોઈલપિલ્યાઈ, બીજા અન્ય ઈશ્વરના સેવકો સાથે ત્યાં આવ્યા હતા અને તેમની સાક્ષીઓ વહેંચતા, ઈસુ ખ્રિસ્ત વિશે ઉપદેશ કર્યો હતો. બહેન ઈમિયામ્મલ સન્યાસીની અમ્માલે તે ઉપદેશકોની સેવા કરવા અને તેમને સહાયતા કરવા મારો ઉપયોગ કર્યો હતો. હું તેમને માટે પાણી પીવાની વ્યવસ્થા કરતો હતો, તેમને માટે ભોજનની વ્યવસ્થા કરતો હતો અને તેમને માટે કોઈપણ કામ કરતો હતો. તેઓ **એન્ગ્લો ઈન્ડીજીનિયસ ક્લિનિકના** ઉપલા માળે રહેતા હતા, જે નૈય્યોરના ડૉ. અય્યાદુરાઈના માલિકીનું હતું. ડૉ. ડી. અય્યાદુરાઈ સેવા કરવા માટે ઘણો જૂસ્સો ધરાવતા હતા અને તેઓ ઈશ્વરના સેવકોને નાણાકિંય સહાયતા કરીને તેમને મદદ કરતા હતા. તેમના નાના ભાઈ **ડૉ. ડી. સાયમન,** જેઓ **શીશુ વૈદ્યા આશ્રામમ** નામથી બાળકોનું હૉસ્પિટલ ચલાવતા હતા, તેઓ મને ખુબ પ્રેમ કરતા હતા અને મને ઘણું પ્રોત્સાહન આપતા હતા. એકવાર તેમણે મારી તરફ જોયું અને કહ્યું, "તારામાં કંઈક ખાસ છે." આમ તેમણે મારી કદર કરી હતી. તે સમયે હું ફક્ત ૧૮ વર્ષની વયનો હતો.



બહેન ઈમિયામ્મલ સન્યાસીની અમ્માલ



ભાઈ જોન વેયકિલફ



ડૉ. ડી. અય્યાદુરાઈ



ડૉ. ડી. સાયમન

તે દિવસમાં, નાઝરેથ પ્રાર્થના સંગતના જૂવાન ઉપદેશકોએ જણાવ્યું હતું કે તેઓને કેવી રીતે ઈસુ ખ્રિસ્ત દ્વારા બચાવવામાં આવ્યા હતા અને દુન્યવી પાપમાંથી છોડવવામાં આવ્યા હતા, ખાસ કરીને સિનેમા જોવાથી. તેમણે સાક્ષી આપી હતી કે તેઓને દુન્યવી આનંદ પ્રમોદથી કેવી રીતે બચાવવામાં આવ્યા હતા, જેને કારણે દુષ્ટ અસરો તેમના જૂવાનીના દિવસોમાં તેમના પર થતી હતી. તેમણે કોઈને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પવિત્ર જીવન જીવવામાં કેવો આનંદ છે તે સમજાવ્યું હતું.



ભાઈ જોશુઆ જ્ઞાનદુરાઈ, ભાઈ માઈકલ ચેલ્લાદુરાઈ, ભાઈ જોન આરપુથરાજ

તે સભાઓના છેલ્લાં દિવસે, મને મારા પાપી જીવનનું ભાન થયું હતું અને મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારા અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. મેં પવિત્ર જીવન જીવવાનું શરૂ કર્યુ હતું. મેં એક બીનશરતી નિર્ણય લીધો હતો કે મારે ઉપયોગી જીવન જીવવું જોઈએ, ઈશ્વર માટે કંઈક કરવું જોઈએ. આ ભાવનાએ મને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવા કરવા તરફ દોર્યો હતો. તે દિવસે મેં મારા પાપો માટે પસ્તાવો કર્યો હતો, ઈશ્વર આગળ કબૂલાત કરી હતી અને મારું જીવન પૂર્ણપણે પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તને સમર્પિત કર્યુ હતું. મેં જીવંત પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા તારણનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. "**...તમારા મનની નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો...**" (રોમનોને પત્ર ૧૨:૨)

આ સભાઓની સમાપ્તિ પછી, "**નાઝરેથ પ્રાર્થના સંગતના**" પ્રભુના સેવકોએ મારા માટે ઊંડો પ્રેમ અને કાળજી વિકસાવી હતી અને તેમણે મને તેમની સાથે તેમના સ્થળે આવવા આમંત્રણ આપ્યુ હતું. તેથી મેં મારા માતાપિતા પાસેથી તેમની સાથે જવાની પરવાનગી મેળવી હતી. તેઓ મને તિરૂનેલવેલી જીલ્લાના નાઝરેથ શહેરના લઈ ગયા હતા. મિશનરી બહેન ઈમિયામ્મલ સન્યાસીની અમ્માલ પણ અમારી સાથે હતા.


### સર્વોચ્ય અનુભવ! નાઝરેથ પ્રાર્થના સંગત!

તે એક છાણાનું ઘર હતું. તે ઘરમાં માર્ગોસિસ સ્કૂલ અને કોલજનાં ઉચ્ચ શિક્ષિત વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો અને ઘણા અગ્રણી જૂસ્સાદાર માણસો દરરોજ સાંજની સભામાં આવતા અને ભાગ લેતા હતા. સવારે સાદો નાસ્તો પૂરો પાડવામાં આવતો હતો!!! ભાત સાથે સાંભાર અને સ્વાદિષ્ટ રાસમ બપોરના ભોજનમાં આપવામાં આવતા

હતા. રાત્રે પણ ભાત અને રસમ પીરસવામાં આવતા હતા. તે મારા માટે એક અદ્ભૂત અનુભવ હતો. તે ઘરમાં હું ઈશ્વર પ્રભુની હાજરીનો અનુભવ કરી શકતો હતો. તે સ્થળમાંના ઈશ્વરના સેવકોની ટેવો અને પ્રવૃતિઓથી હું આકર્ષાયો હતો. મેં સાંભળ્યું હતું કે ઘણા આત્મિક બુધ્ધિવાળા માણસો અને મોટા આગેવાનો ત્યાંથી આગળ આવ્યા હતા. તેમના જેવા થવાની ઈચ્છા મારામાં દિવસે ને દિવસે વધતી ગઈ હતી.

**''થેરી'' ખાતેનો અનુભવ! એક એકાંત જગ્યા!!**

દરરોજ રાત્રે ૫ થી ૮ વાગ્યે સર્વ સભ્યો ''થેરી'' નામની જગ્યાએ ભેગા થતા હતા. તે એક એકાંત લાલ માટીવાળી જગ્યા હતી. ત્યાં વ્યક્તિગત પ્રાર્થનાઓ, બાઈબલ વાંચનો, સાક્ષીઓ વહેંચવી વગેરે બાબતો થતી હતી. અને મને પ્રાર્થનાવાદી જીવનનું રહસ્ય અને પવિત્ર આત્માની દોરવણી સાથેનાં જીવન વિશે શીખવ્યું હતું.



ભાઈ જોન કોઈપિચનાઈ




ભાઈ સ્ટેનલી
આશીર્વાદ યુવા મિશન

મન હજું પણ તેમાંથી કેટલા એક યાદ છે. ભાઈ શાંથા કુમાર, ભાઈ જૈકોબ સેલ્વરાજ, ભાઈ જોન અરપૂથારાજ, ભાઈ પાખીયારાજ, ભાઈ ફિલિપ જયાસિંગ, ભાઈ ગુનાસેકર, ભાઈ કુમારધાસ (થેનકાસી), ભાઈ કુમારદાસ (બેન્ગલોર), ભાઈ ઈમ્માનૂએલ, ભાઈ કુમાર, ભાઈ સ્ટેનલી, ભાઈ ડેનિયલ, ભાઈ ગિદિયોન, ભાઈ સેમ્યુએલ, ભાઈ તિમોથી, ભાઈ મનિક્કામ, ભાઈ કાલેબ પોલ પાંડિયન, ભાઈ જોસેફ ગુનાસિંગ, તિતસ મારીઆ સુન્દરમ, ભાઈ બેન્ની, ભાઈ જ્યોથી પાંડિયન વગેરે.

૧૫ દિવસ પછી ઈમિયામ્મલ સન્યાસીની અમ્માલ મને તે સ્થળેથી પાછા લઈ જવા આવ્યા હતા. ઈશ્વરના સેવકોએ આસુંઓ સાથે પ્રાર્થનાઓ કરી હતી. તે સમયે ભાઈ માઈકલ ચેલ્લાદુરાઈ, ભાઈ જોન વેયકિલફ, ભાઈ જોશુઆ જ્ઞાનદુરાઈ, ભાઈ જોન કોઈપિચનાઈ અને અન્ય ઈશ્વરના વડિલ ભાઈઓએ મારા માથા પર તેમના હાથો મૂક્યા હતા અને મારા માટે પ્રાર્થના કરી હતી. તે પ્રાર્થનાના સમયે, તેમાંના એક જણે નીચે મુજબની ભવિષ્યવાણી કરી હતી :

''ઓ દીકરા સામ સેલ્વરાજ! મેં તને મારા માટે પસંદ કર્યો છે. હું તારા દ્વારા મોટા કામો કરાવીશ. તારા નામ પ્રમાણે, હું તને અને બાઈબલમાંના શમુએલની જેમ પ્રબોધક તથા સામર્થ્યવાન માણસ તરીકે ઊભો કરીશ. હું તને ઘણા લોકોને પૂરૂ પાડનાર પિતા તરીકે બનાવીશ. તું ઈશ્વરનો હોવાથી શરમાશે નહિ અને તું પ્રભુ ઈસુ ખ્રિસ્તનો નીડર



નાઝરેથ પ્રાર્થના સંગત – ૧૯૬૭

સેવક થઈશ. હું તારી સાથે રહીશ અને તારી ઈચ્છા પ્રમાણે તને સર્વ આપીશ. હું તને દુનિયાના ઘણા દેશોમાં મોકલીશ અને તારા દ્વારા મારું રાજ્ય સ્થાપીશ. હું તને સારું સ્વાસ્થ્ય અને દિર્ઘાયુષ્ય આપીશ. ''**કેમ કે તું મારી દ્રષ્ટિમાં મૂલ્યવાન થયો છે, તું સન્માન પામેલો છે, ને મેં તારા પર પ્રીતિ કરી છે; તે માટે હું તારે બદલે માણસો, અને તારા જીવને બદલે લોકો આપીશ.**'' (યશાયા : ૪૩:૪)



તે પછી તરત જ ૧૯૬૯માં ઈશ્વરે મને ઈશ્વરના મહાન સેવક રેવ. એસ. દેવાદાસન પાસે મોકલ્યો, જેઓ એક જાણીતા ખ્રિસ્તી સામાયિક, ''**હેરાલ્ડ ઓફ હીજ કમિંગ**''ના મુખ્ય સંપાદક હતા. ઈશ્વર ભલા છે.

*(...to be continued in August 2022 issue)*

(પાન ૭ પરથી આગળ...)

ઉચ્ચારના શબ્દો ચોકસપણે તમારા હૃદયમાં આનંદ અને વિશ્વસનીયતા લાવશે.

મોટે ભાગે જ્યારે આપણે ભારે મુશ્કેલીઓથી દબાયેલા હોઈએ છીએ, ત્યારે જે શબ્દો આપણે બોલીએ છીએ તે સારા શબ્દો હોતા નથી. જો કે આપણે સારા અનુભવી ખ્રિસ્તીઓ હોઈએ, તો પણ આપણે કેટલીક વખત નીચે મૂજબના શબ્દો બોલીએ છીએ.

૧. યહોવા પ્રભુએ મારી પ્રાર્થનાનો ઉત્તર દિધો નથી. (અયૂબ ૩૦:૨૦)

૨. યહોવા પ્રભુ મારી સામે જોતા નથી. (અયૂબ ૩૦:૨૦)

૩. યહોવા પ્રભુ મારા પર નિર્દય થયા છે. (અયૂબ ૩૦:૨૧)

૪. યહોવા પ્રભુ મને શત્રુની જેમ સતાવે છે. (અયૂબ ૩૦:૨૧)

૫. યહોવા પ્રભુએ મને ઊંચો કર્યો છે અને મને નીચે પાડી દીધો છે. (યહોવા ૩૦:૨૨)

૬. હું શોભાની આશા રાખતો હતો, પણ મને અશુભ મળ્યું છે. (અયૂબ ૩૦:૨૬)

૭. અજવાળાને બદલે મારા પર અંધારું આવ્યું છે. (અયૂબ ૩૦:૨૬)

૮. જે મુશ્કેલીઓનો અનુભવ મેં કર્યો છે, એવો અનુભવ કોઈએ કર્યો નથી.

૯. સંતાપથી મારી જીંદગી પૂરી થાય છે. (ગીતશાસ્ત્ર ૩૧:૧૦)

૧૦. મારા દિવસો ગરીબીમાં વીતી જાય છે. (ગીતશાસ્ત્ર ૩૧:૧૦)

શું તમે પણ આ પ્રકારની પરિસ્થિતિમાં છો? નિરાશ ન થાઓ. યહોવા પ્રભુ તમારે માટે પણ અજાયબીઓ કરશે. પણ ત્યાં કંઈક છે, જે તમારે કરવાનું છે.

૧) અપ્રામાણિકતાના શબ્દો ન બોલો. તેને બદલે ફક્ત પ્રામાણિકતાના અને આશાવાદના શબ્દો બોલો.

૨) તમારા વિશ્વાસની બાબતમાં જે લોકો તમને ભરમાવે છે, એવા લોકોને ટાળો. તેને બદલે, જે લોકો તમારા વિશ્વાસને પ્રોત્સાહિત કરે છે, એવા લોકો સાથે મજબૂત સંગત

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

રાખો, તમારો શ્રેષ્ઠ પ્રયત્ન કરીને, જેથી તમે ઈસુ ખ્રિસ્તમાં સાક્ષીરૂપ જીવન જીવી શકો.

૩) જો કે ત્યાં સારું થવાની કોઈ તક નથી, તો પણ યહોવા પ્રભુમાં અને તેમના સામર્થ્યમાં ચમત્કારો થવા માટે વિશ્વાસ રાખો; આશા સહિતની પ્રાર્થનાઓ સાથે તેમના પર જ ફક્ત આધાર રાખો. ચોક્કસ ચમત્કારો થશે જ.

"તમારો શોક આનંદમાં ફેરવાઈ જશે!" (ગીતશાસ્ત્ર ૩૦:૧૧)

**********

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : Triplicane, Chennai-5
Name : S. Sam Selva Raj
A/C No. : 1023 2934 679
IFSC : SBIN 00 00 249
SWIFT CODE : SBI NIN BB 455

### 2. Bank : ICICI Bank

Branch : Anna Salai, Chennai-6
Name : Echo of His Call
A/C No. : 6038 0502 2319
IFSC : ICIC 000 6038

### 3. Bank : State Bank of India

(This Account is for Tax Exemption for Indians only )

Branch : Triplicane, Chennai-5
Name : Echo of His Call Educational Trust
A/C No. : 1023 2923 805
IFSC : SBIN 00 00 249

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ
*****
E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th JUNE 2022

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by S. Sam Selva Raj from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at Echo of His Call Printers, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: S. Sam Selva Raj.